જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૧/૦૮/૨૦૨૬ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૦૬૨/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી, ૬૦૦ લીટર દેશી દારૂ, ૨૧૪૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૧,૩૮૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૪૮ બિયર ટીન ૦૨ સ્કુટર, ૦૧ રીક્ષા, ૦૧ કાર અને ૦૧ ટ્રક કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી, ૦૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩,૩૧૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૦૬૩/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૦૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૦૬૪/૨૦૨૬**

ચાંદખેડાઃ કલ્પેશભાઇ પ્રતાપજી ઠાકોર (રહે. સિધ્ધાંચલ ફ્લેટ વિસત પેટ્રોલપંપ સામે મોટેરા) એ તા.૩૧/૦૭/૨૦૨૬ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૦૨/૨૦૨૫ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન મોટેરા ૪–ડી સ્કવેર મોલ, ત્રીજો માળ “હર્ષ એન્ટરપ્રાઇઝ પ્રોપ્રાઇટર” નામની ઓફીસ ખાતે આરોપી શરદ કમલકિશોર ભુવાલકા (રહે.ખાન રોડ, લેક સીટી કોમ્પ્લેક્ષ, ટાઇપ–૩ સીરીઝ–૧ પહેલો માળ, ફ્લેટ નં–એમ/૧૪ મનકુડુ ભદ્રેશ્વર મનકુડુ હુગલી વેસ્ટ બંગાલ) એ સોલાર એનર્જી ડેવલપમેન્ટ કો–ઓપરેટીવ સોસાયટી લીમીટેડ (ઠે– વિશ્વાસ ખંડ ગોમતીનગર લખનઉ) નો ઉત્તરપ્રદેશમાં અલગ–અલગ જગ્યાનો સોલાર પ્લાન્ટનો ખોટો વર્ક ઓર્ડર કલ્પેશભાઇના મોબાઇલ ફોન ઉપર મોકલી કામ આપવાનું જણાવી વિશ્વાસમાં લઇ, ઓર્ડરવાળી જગ્યાએ પ્લાન્ટ નાંખવા સોલાર પેનલ ખરીદવા સારૂ કલ્પેશભાઇ પાસેથી રૂપિયા ૧૦,૪૦,૦૦૦/– ઓનલાઇન મેળવી લીધા બાદ કલ્પેશભાઇએ સપ્લાઇ ઓર્ડરનુ બીલ બનાવવાનું કહેતા ગલ્લા–તલ્લા કરતા કલ્પેશભાઇએ સોલાર એનર્જી ડેવલપમેન્ટ કો–ઓપરેટીવ સોસાયટી લીમીટેડ લખનઉ ખાતે રૂબરૂ જઇ તપાસ કરતા આ કામ કોઇ બીજી કંપનીને આપેલ હોવાનુ જણાઇ આવતા આરોપી શરદ ભુવાલકા પાસેથી રૂપિયા પરત માંગતા આજદિન સુધી રૂપિયા પરત નહી કરી કલ્પેશભાઇ ઠાકોર સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.પરમાર ચલાવે છે.

બોડકદેવઃ ગીરીશભાઇ ઓચ્છવલાલ રાવલ (ઉ.વ.૬૬)(રહે.શ્રીરંગ બંગ્લોઝ સીમ્સ હોસ્પીટલની બાજુમા સાયન્સ સીટી) એ તા.૩૧/૦૭/૨૦૨૬ ના રોજ બોડકદેવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે સને ૨૦૧૯ થી જાન્યુઆરી/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન થલતેજ ગોવર્ધન પાર્ટી પ્લોટ પાસે, સોમ્ય સ્કવેર ઓફીસ નંબર ૧૦૧ થી ૧૦૪ માં આવેલ “રચના ઇન્ફ્રાસ્ટ્રક્ચર લીમીટેડ” નામની ગીરીશભાઇ રાવલની કંપનીના છેલ્લા પાંચ વર્ષના બેંક સ્ટેટમેન્ટની તેઓએ તપાસ કરતા ગીરીશભાઇ રાવલની કંપની ખાતે એકાઉન્ટ ઓફીસર તરીકે નોકરી કરતા અંજનાબેન ડો/ઓ રજનીકાંતભાઈ પટેલ નાઓએ પોતાની નોકરી દરમ્યાન કંપનીએ અલગ–અલગ વ્યક્તિઓને ચુકવવા પાત્ર રકમના લીસ્ટમાં પોતાના સગા સબંધીઓની વિગત દર્શાવી કંપનીમાંથી અન્ય ખાતાઓમાં કુલ રૂપિયા ૮૪,૦૨,૬૯૪/– ટ્રાન્સફર કરી કંપનીમાંથી ઉચાપત કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.બી.ઝાલા ચલાવે છે.

વસ્ત્રાપુરઃ અભિષેક સ/ઓ ભગવાનભાઈ મોહતા (ઉ.વ.૩૪) (રહે. કાસાવ્યોમ, ગવર્મેન્ટ કોલોની પાસે ઔડા ગાર્ડન સામે વસ્ત્રાપુર) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૦૭/૨૦૨૬ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે પોતાની પત્નીના મોબાઈલ નંબર ઉપર એક લીંક વાળો મેસેજ આવેલ જે મેસેજ ખોલી લીંક ઓપન કરતા અભિષેકભાઈની પત્નીએ કોઈ ઓ.ટી.પી નંબર કે પાસવર્ડ આપેલ ના હોવા છતા તેમના HDFC બેંકના ખાતામાંથી અજાણી વ્યક્તિએ બે ટ્રાન્ઝેક્શનથી કુલ રૂપિયા ૯૯,૫૦૦/– Indian Bank ના ખાતા નંબર– 8303878698 માં ટ્રાન્સફર કરી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જી.એમ.ચૌધરી ચલાવે છે.

પાલડીઃ મનુભાઈ જશમતભાઈ ડાભી (ઉ.વ.૫૩)(રહે. અવધ લેક વ્યુ, કાનબા હોસ્પીટલ પાસે, નિકોલ) એ તા.૩૧/૦૭/૨૦૨૬ ના રોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે માહે ઓગસ્ટ/૨૦૨૫ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન પાલડી શ્રી કેદારનાથ કો.ઓ.હા.સોસાયટી સામે, આંબેડકર બ્રીજ નીચે આરોપી રાજેન્દ્રભાઈ મુકેશભાઈ જેકડીયા (રહે.સાઈદર્શન બંગ્લોઝ ગામ: કાસીન્દ્રા તા. દસક્રોઈ જી.અમદાવાદ) નાઓએ પોતે સચિવાલયમા સેકશન ઓફીસર તરીકે નોકરી કરતા હોવાની ખોટી ઓળખ આપી, આઈકાર્ડ બતાવી મારી વિશ્વાસમાં લઈ, મનુભાઈ તથા તેમના મિત્ર જીતેન્દ્રભાઈ સુરાણી નાઓ પાસેથી અલગ–અલગ સરકારી નોકરી અપાવવાનુ તેમજ એલ.એન્ડ ટી કંપનીમાં કોન્ટ્રાક્ટ અપાવવાનુ તેમજ છોટા ઉદેપુરમાં ખાણ લીઝ ઉપર અપાવવાનુ અને સરકારી આવાસના મકાનોમાં મકાન તેમજ દુકાનો અપાવવાનું કહી તે પેટે કુલ રૂપિયા ૪૦,૦૦,૦૦૦/– મેળવી લઈ, આજદીન સુધી કોઈપણ લાભ નહિ આપી તેમજ રૂપિયા પરત નહિ આપી વિશ્વાતઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી.પી.ભેટારીયા ચલાવે છે.

સોનાની ચેઇન ખેચી તોડી લઇ ગયોઃ– **સમાચાર યાદી નં.૧૦૬૫/૨૦૨૬**

ઈસનપુરઃ જયશ્રીબહેન પરેશકુમાર દિવેચા (ઉ.વ.૪૯)(રહે.અન્નપુર્ણા સોસાયટી ઘોડાસર કેનાલ રોડ ઘોડાસર તળાવની સામે ઈસનપુર) તા.૩૦/૦૭/૨૦૨૬ રાતના ૮/૪૫ વાગ્યાના સુમારે રહેણાંક નજીક ઉભા હતા ત્યારે સ્કુટર ઉપર આવેલ એક પુરૂષ જયશ્રીબહેનના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૩૫,૦૦૦/– ખેચી તોડી લઇ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ જયશ્રીબહેન દિવેચાએ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.આર.દામા ચલાવે છે.

અપમૃત્યુઃ– **સમાચાર યાદી નં.૧૦૬૬/૨૦૨૬**

સરખેજઃ ફતેવાડી કાદરી પાર્ટી પ્લોટ પાછળ ઘી મીરાજ પાર્ક નામની નવી બનતી સાઇટની લેબર કોલોનીમાં રહેતા અને સાઇટ ઉપર કામ કરતા સંજુકુમાર કાર્તીકરામ કૈવર્ટી (ઉ.વ.૨૭) (મુળ વતન. ગામ–કૈથા તા– ભીલાઇગઢ જી–સારંગગઢ છતીસગઢ) નાઓ તા.૩૧/૦૭/૨૦૨૬ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે "ઘી મીરાજ પાર્ક" સાઇટના નવમાં માળે કામ કરતા હતા ત્યારે નવમાં માળથી નીચે પ્લમ્બીંગ ડકમાં પડી જતા ગંભીર ઇજાઓ થતા તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રભાતસિંહ વખતસિંહ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૦૬૭/૨૦૨૬**

વાસણાઃ ઉમેશ ગણેશભાઈ મારવાડી (ઉ.વ.૨૭)(રહે.કેશવાણીનગરના છાપરા, ભાઠા ગામ, વાસણા) એ અગમ્ય કારણસર તા.૩૧/૦૭/૨૦૨૬ સવારના ૬/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગેલેરીમા દિવાલમાં લગાવેલ લાકડાની વળી સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમેશકુમાર ગોરાભાઇ ચલાવે છે.

ઈસનપુરઃ દાનીયા વા/ઓ મોહમદસોયેબ કુરેશી (ઉ.વ.૨૫)(રહે.પાકીઝા સોસાયટી, મીરા સિનેમા પાછળ રસુલાબાદ ઈસનપુર) એ અગમ્ય કારણસર તા.૩૧/૦૭/૨૦૨૬ બપોરના ૨/૩૦ થી સાંજના ૪/૫૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઈસનપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.આર.સોલંકી ચલાવે છે.

નારોલઃ નારોલ લક્ષ્મિનિવાસ ફ્લેટની સામે સાંધાણિા ઉપરવન બંગ્લોઝ ખાતે રહેતા સંતોષકુમાર યાદવ નાઓના ૧૪ વર્ષના પુત્રએ અગમ્ય કારણસર તા.૩૧/૦૭/૨૦૨૬ બપોરના ૨/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.ડી.સાબડ ચલાવે છે.

ઓઢવઃ જીગરભાઇ મુકેશભાઈ પટણી (ઉ.વ.૨૦)(રહે.રામનગરના છાપરા બિલેશ્વર એસ્ટેટની પાછળ સીંગરવા ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૩૧/૦૭/૨૦૨૬ કલાક ૧/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતની પાઇપ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમેશભાઈ બોઘાભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી